# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 15-02-2025        Day: SATURDAY        Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાન મંત્રી - અમેરિકા યાત્રા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત અને અમેરિકા આતંકવાદ સામેની લડાઈમાં મજબૂતીથી સાથે ઉભા છે અને બંને સંમત છે કે સરહદ પાર આતંકવાદને નાબૂદ કરવા માટે નક્કર પગલાં લેવાની જરૂર છે. શ્રી મોદીએ ગઈકાલે વોશિંગ્ટન ડીસીમાં વ્હાઇટ હાઉસ ખાતે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની દ્વિપક્ષીય ચર્ચા બાદ આમ જણાવ્યું.

શ્રી મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકાએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણું કરીને 500 અબજ ડોલર કરવાનો નિર્ણય લીધો છે.

દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ભારત અને અમેરિકા સૌથી મોટા વેપાર માર્ગોમાંથી એક, ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર બનાવવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે

---------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે અમદાવાદ:

કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે વર્ષ 2025-26 ના કેન્દ્રીય અંદાજપત્રને ભવિષ્યલક્ષી અને ક્રાંતિકારી ગણાવ્યું છે. અમદાવાદમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં બજેટ અંગે  માહિતી આપતા , શ્રી સિંહે જણાવ્યું કે આ બજેટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દુરોગામી વિઝનની ઝલક છે જેમાં વર્ષ 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટેનો પાયો નખાયો છે. તેમણે કહ્યું કે, આ બજેટમાં મધ્યમ વર્ગને આવક વેરામાં મોટી રાહત આપી અપાઈ છે.

---------------------------------------------------------------------------------------

# રાજ્ય : સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી

ગુજરાતમાં તા.16 ફેબ્રુઆરીનાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પ્રચાર પડઘમ ગઈકાલે શાંત થયા. હવે ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરશે. આ ચૂંટણીમાં કુલ 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી લડશે.

રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવ્યા અનુસાર સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે કુલ 7 હજાર 36 ઉમેદવારી પત્રો રજૂ થયા હતા તે પૈકી 1 હજાર 261 અમાન્ય તેમજ 5 હજાર 775 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે અને 478 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા છે. તા. 16 ફેબ્રુઆરીએ સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. તો 18 ફેબ્રુઆરીના મતગણતરી હાથ ધરાશે.

---

# કચ્છ : સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી

કચ્છ જિલ્લામાં રાપર અને ભચાઉ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ દશરડી(માંડવી),મોટી ભૂજપુર(મુંદરા),લાકડીયા(ભચાઉ) તાલુકા પંચાયત પેટા ચૂંટણી માટે સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે તેમ રાજ્યના શ્રમ આયુક્તશ્રીની અખબારીયાદીમાં જણાવાયું છે.

---

# રાજ્ય : જી-સફલ યોજના

અંત્યોદય પરિવારને આર્થિક રીતે સક્ષમ બનાવવા તેમજ મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી રાજ્ય સરકારે ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમિલીઝ ફોર ઓગ્મેન્ટિંગ લાઇવલીહુડ્સ -જી-સફલ યોજના જાહેર કરી છે. આ યોજના આગામી પાંચ વર્ષમાં રાજ્યના 10 જિલ્લાના 25 તાલુકાના 50 હજાર અંત્યોદય અન્ન યોજના કાર્ડધારક પરિવારોને લાભ પહોંચાડાશે.

આ યોજના દ્વારા અંત્યોદય પરિવારને આજીવિકાના નવા સ્ત્રોત બનાવવા માટે તેમને 80 હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવશે.

આ યોજનામાં જે તાલુકાઓનો સમાવેશ કરાયો છે તેમાં બનાસકાંઠા જિલ્લાનો થરાદ તાલુકો પાટણના સાંતલપુર, કચ્છના રાપર અને લખપત, સુરેન્દ્રનગરના સાયલા, છોટાઉદેપુરના કવાંટ અને નસવાડી, પંચમહાલના ઘોઘંબા, દાહોદના ગરબાડા, ધાનપુર, સિંઘવડ, દેવગઢબારીયા, ફતેપુરા, ઝાલોદ, દાહોદ, લીમખેડા અને સંજેલી, નર્મદાના નાંદોદ, ગરુડેશ્વર, સાગબારા, તિલકવાડા, ડેડીયાપાડા, તાપીના કુકરમુંડા અને નિઝર તેમજ ડાંગ જિલ્લાના સુબીર તાલુકાનો સમાવેશ કરાયો છે.

---

## હવામાન- રાજ્ય :

આગામી ત્રણ દિવસ બાદ રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના નિયામક એ કે દાસના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાત ઉપર ઉત્તર પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો આવી રહ્યા છે તથા કોઈ સિસ્ટમ પણ સક્રિય ન હોવાને કારણે તાપમાન સતત વધી રહ્યું છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં 11.8 ડિગ્રી હતું.

---

## ક્રિકેટ : WPLગુજરાત જાયન્ટ્સ રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ

વડોદરા ખાતે રમાયેલી પ્રથમ મહિલા પ્રીમિયર લીગ મેચ માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ ની ટીમે ગુજરાત જાયન્ટ્સ ટીમ ને 6 વિકેટે હાર આપી હતી ગુજરાત ની ટીમે 5 વિકેટ ગુમાવી. 201 રન કર્યા હતા બેંગલુરુ ની ટીમે 4 વિકેટ નાં ભોગે 202,.રન કરી મેચ જીતી લીધી હતી

---

## પૂર્વ કચ્છના પોલીસ વડા - ખડીર :

પૂર્વ કચ્છના પોલીસ વડા સાગર બાગમારે ખડીર દ્વિપના ખડીર ગઢડા પોલીસ મથકનું વાર્ષિક નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન તેમણે પોલીસ પરેડનું નિરીક્ષણ કર્યું અને કર્મચારીઓના પડતર પ્રશ્નો, ક્રાઈમ રજિસ્ટર સહિતના દફ્તરી કામકાજની સમીક્ષા કરી હતી.

---